કેસ પ્રાપ્તિ તારીખ : ૧૭-૦૭-૨૦૧૯
કેસ દાખલ તારીખ : ૧૭-૦૭-૨૦૧૯
કેસ નિર્ણિત તારીખ : ૨૬-૦૨-૨૦૨૦
**અવધી ૦ વર્ષ ૭ માસ ૦૯ દિવસ**

## મે. નર્મદા જીલ્લાના એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, નર્મદા, મુ. રાજપીપલા

## રેગ્યુલર સીવીલ અપીલ નં. ૨૬-૨૦૧૯
**આંક :**

**એપેલન્ટસ્:** (૧) શનાભાઇ ઉર્ફે રમેશચંદ્ર જેઠાભાઇ બારીયા
(૨) સુકાભાઇ ઉર્ફે રમણભાઇ જેઠાભાઇ બારીયા
બંને રહે. વીરપુર તા. તિલકવાડા, જી. નર્મદા

વિરૂધ્ધ

**રીસ્પોન્ડન્ટસઃ-** (૧) ઉજીબેન શંકરભાઇ બારીયા
(૨) ચંદ્રેશભાઇ શંકરભાઇ બારીયા
(૩) બાબુભાઇ શંકરભાઇ બારીયા
તમામ રહે. વીરપુર, તા. તિલકવાડા, જી. નર્મદા

**અપીલ : સી.પી.સી ઓર્ડર-૪૧ મુજબ**

---

એપેલન્ટસ તરફે વિ.વ. શ્રી પી.એ. પરમાર
**રીસ્પોન્ડન્ટ** તરફે વિ. વ.શ્રી. બી. એસ. જૈન

---

## <u>ચુકાદો</u>

(૧) આ કામના એપેલન્ટસ્ મુળ દાવાના વાદીએ આ કામના રીસ્પોડન્ટ (મુળ દાવાના પ્રતિવાદીઓ) વિરૂધ્ધ સી.પી.સી. ઓર્ડર-૪૧ હેઠળ મે. તિલકવાડાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટના રે.મુ. નં.૯૫/૨૦૧૬ ના કામે તા. ૨૯/૧૨/૨૦૧૮ ના જજમેન્ટ અને હુકમનામા થી નારાજ થઇ હાલની આ અપીલ ગુજારેલી છે.

(૨) એપેલન્ટની હકીકત એવી છે કે, એપેલન્ટે રીસ્પોડન્ટ સામે હકક સ્થાપન તેમજ કાયમી તાકીદ બાબતનો દાવો દાખલ કરેલ. દાવાના કામે દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે જે કેસની ઇન્સાફી કાર્યવાહીના અંતે મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની અદાલતે દાવો નામંજુર કરતો હુકમ કરેલ તે હુકમ અતિ ઉતાવળીયો હોય અને અન્યાયકર્તા હોય રદ થવા પાત્ર છે. દાવાના કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને લેશમાત્ર ધ્યાને લઇને નામદાર નીચલી અદાલતે કાયદાની ગંભીર ભુલ કરીને ક્ષતિયુકત ચુકાદો આપેલ છે જે ચુકાદો રદ થવાને પાત્ર છે. દાવાના કામે પ્રતિવાદીએ જે પુરાવાઓ રજુ કરેલા છે તે તમામ પુરાવાઓને નામદાર નીચલી અદાલતે એકતરફી રીતે ધ્યાને લઇને હાલનો ચુકાદો આપેલ છે તે ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો હોય સદર ચુકાદો રદ કરી દાવો મંજુર કરવો અત્યંત આવશ્યક અને જરૂરી છે. વિગેરે હકીકતો જણાવી મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ ના તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજનો હુકમ તથા હુકમનામું રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદરહું સીવીલ પરચુરણ અપીલ દાખલ થતાં આ કામના રીસ્પોડન્ટને નોટીસ કાઢવામાં આવેલ છે. જેના અનુસંધાને રીસ્પોડન્ટ તરફે વિ. પી.પી.શ્રી બી. એચ. જૈન હાજર થયેલ છે અને રજુઆત કરેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ કાયદેસરનો છે. પોતાની સમક્ષ પડેલ તમામ પુરાવાઓને વંચાણે લીધા બાદ હુકમ કરવામાં આવેલ હોય જેથી પણ ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો છે. સામાવાળાઓએ ટ્રાયલ કોર્ટમાં શરૂઆતથી જ તકરાર લીધેલી હતી અને તે બાબતના પુરાવો પણ રજુ કરવામાં આવેલ હતા અને તમામ હકીકતોને માન્ય રાખીને ટ્રાયલ કોર્ટ દ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે કાયદેસરનો હોય જેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો નથી. જેથી પણ હાલની અપીલ ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં રીસ્પોડન્ટ જણાવે છે કે, મોજે વીરપુર તા. તિલકવાડા જી. નર્મદા મધ્યે સરકારી રેકર્ડ ચાલતી ખેતીની જમીન જેનો સ.નં. ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૪૬, ૭૧ કે જે પરસોત્તમભાઇના નામે સરકારી રેકર્ડે ચાલતી હતી તેઓ મૈયત થતાં કોળી છીતાભાઇ પરસોત્તમભાઇના નામે સરકારી રેકર્ડ નોંધ નં.૧૨ થી તમામ જમીનો દાખલ થયેલ છીતાભાઇ પરસોત્તમભાઇને વસ્તારમાં બે દિકરા અને બે દિકરીઓ નામે શંકરભાઇ, જેઠાભાઇ, શાંતાબેન અને રાધીબેન હોઇ છીતાભાઇ પરસોત્તમભાઇ

કોળીના નામે જમીન દાખલ થતાં છીતાભાઇ પરસોત્તમભાઇ તા. ૨૮/૧૧/૧૯૬૩ ના રોજ મૈયત થતાં એ.કુ.વ. તરીકે બારીયા જેઠાભાઇ છીતાભાઇના નામે નોંધ નં. ૧૫૬ થી તમામ જમીનો દાખલ થયેલ ત્યારબાદ જેઠાભાઇ છીતાભાઇ એ.કુ.વ. તરીકે તેઓના નામ દાખલ થયા ત્યારબાદ તા. ૧૭/૭/૧૯૬૯ ના રોજ મૈયત થવાથી વારસાઇ નોંધ નં. ૨૧૧ થી બાકીના તમામ વારસદારોના નામે ઉપરોક્ત તમામ જમીનો દાખલ થયેલ ત્યારે નોંધ નં. ૩૫૯ થી સ.નં. ૨૦ થી ૨૧ તથા ૪૬ વાળી જમીન રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીના નામે વહેંચણથી દાખલ થયેલ જે અંગેની નોંધ નં. ૩૫૯ થી તા. ૩૮/૮/૮૨ ના રોજ પડેલ જે તા.૬-૫-૮૩ ના રોજ મંજુર કરેલ છે. આમ, રીસ્પોડન્ટસ્‌ ના પિતાશ્રીના નામે સરકારી રેકડં સ.નં. ૨૦, ૨૧, ૪૬ વાળી જમીન દાખલ થયેલ અને તે જમીનોનો પ્રત્યક્ષ કબજો ભોગવટો રીસ્પોડન્ટસ્‌ ના પિતાશ્રીનો હોય વાવતેર કરી ઉત્પન્ન લેતાં આવેલ હતાં અને રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રી તા.૧૦/૦૧/૨૦૦૪ ના રોજ મૈયત થયા તે વખતે પણ ઉપરોક્ત તમામ જમીનોમાં પ્રત્યક્ષ કબજો ભોગવટો માલીકી હકકે રીસ્પોડન્ટસ્‌નો હતો અને પિતાશ્રી મૈયત થતાં રીસ્પોડન્ટસ્‌ નાઓ મહેનત મજુરી કરીને કામકાજ કરી ઉત્પન્ન લેતાં હતાં તેઓના મૈયત બાદ રીસ્પોડન્ટસ્‌નો પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. એપેલન્ટ નાઓએ તલાટી કમ મંત્રીના મેળાપીપણામાં કોઇપણ જાતના આધાર પુરાવા વગર એકતરફી રીતે રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીનું નામ કમી કરતી નોંધ નં. ૩૯૪ પડાવેલ તે દાવો થયા પછી તેઓ અભ્યાસ કરતાં રીસ્પોડન્ટસ્‌ને માલુમ પડેલ છે. સદર જમીનમાં રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રી વર્ષોથી ખેતી કરતાં હતા. અને તેઓ મૈયત થયા બાદ તે જમીનમાં વાવેતર કરીને મહેનત મજુરી કરીને ઉત્પન્ન લેતાં આવેલ છે. નોંધ નં. ૩૯૪ કે જેમાં એપેલન્ટોએ ગેરકાયદૈસર રીતે દાખલ કરેલ અને કોઇપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીની જાણ બહાર દાખલ કરવામાં આવેલ છે. જેથી એપેલન્ટોએ ખોટી એન્ટ્ર પડાવેલ તેનો ગેરલાભ લઇ સ્થળ ઉપર વાદીનો કબજો ન હોવા છતાં રેકર્ડ ઉપર એપેલન્ટનું નામ ચાલતું હોવાથી ખોટીરજુઆત કરીને કામચલાઉ મનાઇ હૂકમ મેળવેલ હતો પર્રંતુ સ્થળ ઉપેર પ્રત્યક્ષ કબજો ભોગવટો રીસ્પોડન્ટસ્‌નો હતો. વિગેરે હકીકતો જણાવી મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબે તેઓનો હુકમ રજુ કરેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાઓ તથા રજુ થયેલી રજુઆતોને ધ્યાને રાખી યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો કરેલો છે જે સંજોગોમાં મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટના હુકમમાં કોઇ હસ્તક્ષેપ કરવો વ્યાજબી અને ઉચિત જણાતું ના હોય એપેલન્ટસ્‌ની અપીલ ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબના કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ ના કામમાં રજુ થયેલ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબના છે.

**મુળ વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવા**

(૧) આંક.૧૬૯ થી વાદી તરફે સાહેદ સુકાભાઇ જેઠાભાઇ બારીયાનું સોગંદનામું

(૨) આંક.૨૩૫ થી વાદી તરફે સાહેદ રમણભાઇ રણછોડભાઇ બારીયાનું સોગંદનામું

(૩) આંક.૨૩૯ થી વાદી તરફે સાહેદ અરખામભાઇ ચીમનભાઇ બારીયાનું સોગંદનામું

(૪) આંક.૨૪૪ થી વાદી તરફે સાહેદ ગોપાલભાઇ હિંમતભાઇ બારીયાનું સોગંદનામું

(૫) આંક.૨૫૮ થી વાદી તરફે સાહેદ નિશીકાંત શાંતિલાલ પંચાલનું સોગંદનામું

**મુળ વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા**

(૧) આંક.૧૪૭ થી મોજે વિરપુર ગામની સ.નં. ૨૦ ના ખાતાનં. ૭૪ ના ૮-અ ની નકલ

(૨) આંક.૧૪૮, ૧૪૯ થી મોજે વીરપુર ગામની સ.નં. ૨૦ ના ૭/૧૨ ની નકલ

(૩) આંક.૧૫૦, ૧૫૧ થી મોજે વીરપુર ગામની સ.નં. ૨૧ ના ૭/૧૨ ની નકલ

(૪) આંક.૧૫૨, ૧૫૩ થી મોજે વીરપુર ગામની સ.નં. ૨૨ ના ૭/૧૨ ની નકલ

(૫) આંક.૧૫૪ થી હકક પત્રક નોંધ નં. ૩૯૪ ની ખરી નકલ

(૬) આંક.૧૫૫ થી શિક્ષન ઉપકરની પાવતી નં.૪ ની અસલ

(૭) આંક.૧૫૬, ૧૫૭ થી મહેસુલની પાવતી નં. ૩ ની અસલ

(૮) ્આંક.૧૫૮ થી ખેડુતપોથીની ખરી નકલ

(૯) આંક.૧૫૯ થી રે.સ.નં. ૨૦ ના નકશાની ઝેરોક્ષ

(૧૦) આંક.૧૬૦ થી કોપારી જુથ ગ્રામ પંચાયતમાંથી આપેલ દાખલાની નકલ

(૧૧) આંક.૧૬૧ થી કોપારી જુથ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ મામલતદારશ્રીને મોકલેલ રીપોર્ટની નકલ

(૧૨) આંક.૧૬૨ થી બારીયા છીતાભાઇ પરસોત્તમભાઇના પેઢીનામાની નકલ

(૧૩) આંક.૧૬૩ થી એન્ટ્રી નં. ૩૫૯ ની ખરી નકલ

(૧૪) આંક.૧૬૪ થી બારીયા શંકરભાઇ છીતાભાઇનો મરણનો દાખલો

(૧૫) આંક.૧૬૫ થી રે.મુ. નં. ૧૯૦/૦૬ ની ફરીયાદની નકલ

(૧૬)  આંક.૧૬૬ થી આર.ટી.એસ. કેસ નં. ૩૯/૨૦૦૪ ના હુકમની નકલ

(૧૭)  આંક.૧૬૭ થી આર.ટી.એસ. રીવીઝન અપીલ નં. ૫૪/૦૪-૦૫ ની નકલ

(૧૮)  આંક.૧૬૮ થી  આર.ટી.એસ. રીવીઝન અપીલ નં. ૫૪/૦૪-૦૫ અન્વયે નોટીસ

(૧૯)  આંક.૨૫૯ થી નોંધ નં. ૩૯૩ ના  હકકપત્રકની નકલ

(૨૦)  આંક.૨૬૦ થી વાદી તરફે કલોઝીગ પુરસીસ

## મુળ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા

(૧)   આંક. ૨૬૨ થી પ્રતિવાદી ચંદ્રેશભાઇ શંકરભાઇ બારીયાની સોગંદ ઉપરની જુબાની

## મુળ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા

(૧)   આંક.૧૭૬ થી પ.સી.અ.નં. ૧૧/૦૭ ના ચુકાદાની નકલ

(૨)   આંક.૧૭૭ થી એસ.સી.એ. નં. ૨૭૭૫૩/૦૭ ની રીટની નકલ

(૩)   આંક.૧૭૮ થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૫ ની મનાઇ અરજી લગત હુકમની નકલ

(૪)   આ.ક.૧૭૯ થી સી.ક્રિ.અ. નં. ૨૯/૦૭ ના આંક.૧ ની નકલ

(૫)   આંક.૧૮૦ થી સી.ક્રિ.અ.નં. ૨૯/૦૭ ના આંક.૧૪ ની નકલ

(૬)   આંક.૧૮૧ થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૬૧ ની નકલ

(૭)   આંક.૧૮૨ થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૧૧૧ ની નકલ

(૮)   આંક.૧૮૩ થી આર.ટી.એસ. નં. ૩૯/૦૪ ની અપીલની નકલ

(૯)   આંક.૧૮૪ થી આર.ટી.એસ. રીવીઝન અ.નં.૫૪/૦૪-૦૫ ના હુકમની નકલ

(૧૦)  આંક.૧૮૫ થી જમીન મહેસુલ કાયદાની કલમ ૨૧૧ હેઠળ કરેલ રીવીઝન અરજીની નકલ

(૧૧)  આંક.૧૮૬ થી આર.ટી.એસ. અ.નં. ૪૮/૦૫ ના હુકમની નકલ

(૧૨)  આંક.૧૮૭ થી ગામ નમુના નં.૯ ની શિક્ષન ઉપકરની પાવતીઓની નકલ

(૧૩)  આંક.૧૮૮, ૧૮૯ થી સંયુકત જમીન મહેસુલની રકમની પાવતીઓની નકલ

(૧૪)  આંક.૧૯૦ થી નોટીસની નકલ

(૧૫)  આંક.૧૯૧ થી મે. ડભોઇના સીવીલ જજ સાહેબની કોર્ટના દાવાની નકલ

(૧૬)  આંક.૧૯૨ થી રે.મુ. નં. ૪૨૭/૭૩ ના હુકમનામાની નકલ

(૧૭)  આંક.૧૯૩ થી નોંધ નં. ૧૨ ના ૬ હકકપત્રકની નકલ

(૧૮) આંક.૧૯૪ થી નોંધ નં. ૨૧૧ ના ૬ હકકપત્રકની નકલ

(૧૯) આંક.૧૯૫ થી નોંધ નં.૩૫૨ ના ૬ હકકપત્રકની નકલ

(૨૦) આંક.૧૯૬ થી નોંધ નં.૩૫૮ ના ૬ હકકપત્રકની નકલ

(૨૧) આંક. ૧૯૭, ૧૯૮ થી નોંધ નં. ૩૯૪ ના ૬ હકકપત્રકની નકલ

(૨૨) આંક.૧૯૯ થી નોંધ નં. ૪૦૧ ના ૬ હકકપત્રકની નકલ

(૨૩) આંક.૨૦૦ થી નોંધ નં. ૫૦૭ ના ૬ હકકપત્રકની નકલ

(૨૪) આંક.૨૦૧ થી નોંધ નં.૫૧૭ ના ૬ હકકપત્રકની નકલ

(૨૫) આંક.૨૦૨ થી નોંધ નં.૫૮૪ ના ૬ હકકપત્રકની નકલ

(૨૬) આંક.૨૦૩ થી નોંધ નં. ૬૦૯ ના ૬ હકકપત્રકની નકલ

(૨૭) આંક. ૨૦૪ થી ૨૦૭ સુધી ખાતા નં. ૧૩ ના ૮-અ ના ઉતારાની નકલ

(૨૮) આંક.૨૦૮ થી ખાતા નં. ૭૪ ના ૮-અ ના ઉતારાની નકલ

(૨૯) આંક.૨૦૯ થી ધીરાણની ડીમાન્ડ નોટીસની નકલ

(૩૦) આંક.૨૧૦ થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૧ ની દાવા અરજીની નકલ

(૩૧) આંક.૨૧૧થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૧૨૨ ના ચુકાદાની નકલ

(૩૨) આંક.૨૧૨ થી રે.મુ. નં. ૩૩૭/૦૬ ના આંક.૧૨૪ ની અસલ હુકમનામાની નકલ

(૩૩) આંક.૨૮૬ થી પ્રતિવાદી તરફે કલોઝીંગ પુરસીસ

(૫) પક્ષકારોની મૌખિક રજુઆતો ધ્યાને લીધી. તેમજ એપેલન્ટ તરફે રજુ થયેલ મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવલ જજ સાહેબના કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ નું કામ વંચાણે લીધું તથા તેમાં થયેલ ચુકાદો વંચાણે લીધો. હાલની અપીલ અરજી વંચાણે લીધી.

(૬) આ અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દા

(૧) શું એપેલન્ટો પુરવાર કરે છે કે, મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબના કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ ના કામે તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું

ગેરવ્યાજબી તેમજ કાનુની જોગવાઈઓ વિરૂધ્ધનો અને તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી આદેશ અનુસાર

## :: કા ર ણો ::

**(૮) મુદ્દાનં.૧ :-**

એપેલન્ટ તરફે વિ.વ.શ્રી પી.એ. પરમાર નાઓએ મૌખિક દલીલો રજુ કરેલલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, એપેલન્ટની કબજા ભોગવટાની જમીન મોજે ગામ વીરપુર તા. તિલકવાડા, જી. નર્મદાની સીમમાં સ.નં. ૨૦, હે.આરે.૧-૩૪-૫૬ આકાર ૭-૫૦ થી આવેલ છે. જે જમીન એપેલન્ટની માલિકીની આવેલ છે. એપેલન્ટની જમીનની ચર્તુદિશા પુર્વે સનં. ૧૯ થી દલપતભાઇ ચુનીયાભાઇ તડવીની જમીન, પશ્ચિમે સ.નં. ૨૧ થી પ્રતિવાદી ઉજીબેનની જમીન, ઉત્તરે સ.નં. ૧૨ તથા ૧૮ થી વસાવા કરસનભાઇ લલ્લુભાઇ, ચંપકભાઇ જયંતિભાઇની જમીન તથા દક્ષિણે સ.નં. ૨૨ તથા ૨૩ થી મંગીબેન ભયજીભાઇ તથા એપેલન્ટની જમીનો આવેલી છે. સદર જમીનસ્વતંત્ર માલિક અને કબજેદાર એપેલન્ટ છીએ અને જમીનમાં ખેડ, ખાતર પાણી એપેલન્ટ કરતાં છે અને પાક લે છે. અને ૭/૧૨ તેમજ ૮-અ ના ઉતારામાં એપેલન્ટનું નામ તથા એપેલન્ટના માતા રામીબેનનું નામ ચાલતુ આવેલ છે. ત્યારથી તે જમીનની સરકારી જમીન મહેસુલ, શિક્ષન ઉપકર ભરતા આવેલ છે. તેમજ નામદાર ગુજરાત સરકારશ્રી તરફથી ખેડૂતપોથી પણ એપેલન્ટને મળેલ છે.

વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, રીસ્પોડન્ટને દાવાવાળી જમીન સાથે કોઇ લાગતું વળગતું નથી કે લેવાદેવા નથી કે કાયદેસરનો હકક હિસ્સો નથી અને એપેલન્ટના કાકા તથા રીસ્પોડન્ટ નં. ૨ થી ૪ ના પિતા તા. ૧૦/૧/૦૪ ના રોજ મૈયત થયેલ છે તેનો ગેરલાભ લઇ રીસ્પોડન્ટ એપેલન્ટોને દાવાવાળી જમીન અંગે અવારનવાર ધમકીઓ આપતા રહેતા હોય એપેલન્ટોએ કાયમી તાકીદ માટે તથા હકક સ્થપન માટે દાવો દાખલ કરેલ જે દાવામાં સુનાવણી થઇ જતાં તથા પક્ષકારોના પક્ષ નિવેદનો તેમજ પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ આધારીત નામદાર

નીચલી અદાલતે તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજ એપેલન્ટનો દાવો નાર્મંજુર કરતાં તે હુકમથી નારાજ થઇને હાલની અપીલ દાખલ કરેલ છે.

વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, નામદાર મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની અદાલતે દાવો નામંજુર કરતો હુકમ કરેલ તે હુકમ અતિ ઉતાવળીયો હોય અને અન્યાયકર્તા હોય રદ થવા પાત્ર છે. દાવાના કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને લેશમાત્ર ધ્યાને લઇને નામદાર નીચલી અદાલતે કાયદાની ગંભીર ભુલ કરીને ક્ષતિયુકત ચુકાદો આપેલ છે જે ચુકાદો રદ થવાને પાત્ર છે. દાવાના કામે પ્રતિવાદીએ જે પુરાવાઓ રજુ કરેલા છે તે તમામ પુરાવાઓને નામદાર નીચલી અદાલતે એકતરફી રીતે ધ્યાને લઇને હાલનો ચુકાદો આપેલ છે તે ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો હોય સદર ચુકાદો રદ કરી દાવો મંજુર કરવો અત્યંત આવશ્યક અને જરૂરી છે. વિગેરે હકીકતો જણાવી મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૭ ના તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજનો હુકમ તથા હુકમનામું રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, નામદાર નીચલી કોર્ટે મુળ દાવાના કામે રજુ થયેલ સોગંદનામામાં સચોટ હકીકતો દર્શાવવામાં આવેલ હોવા છતાં ધ્યાને લીધેલ નથી. તેમજ મુળ દાવાના કામે એપેલન્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને પણ નજર અંદાજ કરવામાં આવેલ છે. તેમજ આંક.૧૫૪ થી રજુ થયેલ એન્ટ્ર નં. ૩૯૪ ના હકકપત્રકની નોંધને પણ નજર અંદાજ કરવામાં આવેલ છે. આમ, રીસ્પોડન્ટ તરફે જે પુરાવો રજુ કરેલ છે તે તમામ પુરાવાઓને નામદાર નીચલી અદાલતે એકતરફી રીતે ધ્યાને લઇને ચુકાદો આપેલ હોય જે ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો હોઇ ચુકાદો રદ કરવા રજુઆત કરેલ છે. વિગેરે હકીકતો જણાવી મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ ના તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજનો હુકમ તથા હુકમનામું રદ કરવા અરજ કરેલ છે.

(૮.૧) રીસ્પોડન્ટ તરફે વિ.વ.શ્રી બી. એન. જૈન નાઓએ આંક.૧૨ થી લેખીત દલીલ રજુ કરી જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટ દ્રારા કરવામાં આવેલ હુકમ કાયદેસરનો છે. પોતાની સમક્ષ પડેલ તમામ પુરાવાઓને વંચાણે લીધા બાદ હુકમ કરવામાં આવેલ હોય જેથી પણ ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો છે. સામાવાળાઓએ ટ્રાયલ કોર્ટમાં શરૂઆતથી જ તકરાર લીધેલી હતી અને તે બાબતના

પુરાવો પણ રજુ કરવામાં આવેલ હતા અને તમામ હકીકતોને માન્ય રાખીને ટ્રાયલ કોર્ટ દ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે કાયદેસરનો હોય જેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો નથી. જેથી પણ હાલની અપીલ ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં રીસ્પોડન્ટ જણાવે છે કે, મોજે વીરપુર તા. તિલકવાડા જી. નર્મદા મધ્યે સરકારી રેકર્ડ ચાલતી ખેતીની જમીન જેનો સ.નં. ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૪૬, ૭૧ કે જે પરસોત્તમભાઇના નામે સરકારી રેકર્ડ ચાલતી હતી તેઓ મૈયત થતાં કોળી છીતાભાઇ પરસોત્તમભાઇના નામે સરકારી રેકર્ડ નોંધ નં.૧૨ થી તમામ જમીનો દાખલ થયેલ છીતાભાઇ પરસોત્તમભાઇને વસ્તારમાં બે દિકરા અને બે દિકરીઓ નામે શંકરભાઇ, જેઠાભાઇ, શાંતાબેન અને રાધીબેન હોઇ છીતાભાઇ પરસોત્તમભાઇ કોળીના નામે જમીન દાખલ થતાં છીતાભાઇ પરસોત્તમભાઇ તા. ૨૮/૧૧/૧૯૬૩ ના રોજ મૈયત થતાં એ.કુ.વ. તરીકે બારીયા જેઠાભાઇ છીતાભાઇના નામે નોંધ નં. ૧૫૬ થી તમામ જમીનો દાખલ થયેલ ત્યારબાદ જેઠાભાઇ છીતાભાઇ એ.કુ.વ. તરીકે તેઓના નામ દાખલ થયા ત્યારબાદ તા. ૧૭/૭/૧૯૬૯ ના રોજ મૈયત થવાથી વારસાઇ નોંધ નં. ૨૧૧ થી બાકીના તમામ વારસદારોના નામે ઉપરોકત તમામ જમીનો દાખલ થયેલ ત્યારે નોંધ નં. ૩૫૯ થી સ.નં. ૨૦ થી ૨૧ તથા ૪૬ વાળી જમીન રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીના નામે વહેંચણથી દાખલ થયેલ જે અંગેની નોંધ નં. ૩૫૯ થી તા. ૩૮/૮/૮૨ ના રોજ પડેલ જે તા.૬-૫-૮૩ ના રોજ મંજુર કરેલ છે. આમ, રીસ્પોડન્ટસ્‌ ના પિતાશ્રીના નામે સરકારી રેકર્ડ સ.નં. ૨૦, ૨૧, ૪૬ વાળી જમીન દાખલ થયેલ અને તે જમીનોનો પ્રત્યક્ષ કબજો ભોગવટો રીસ્પોડન્ટસ્‌ ના પિતાશ્રીનો હોય વાવતેર કરી ઉત્પન્ન લેતાં આવેલ હતાં અને રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રી તા.૧૦/૦૧/૨૦૦૪ ના રોજ મૈયત થયા તે વખતે પણ ઉપરોકત તમામ જમીનોમાં પ્રત્યક્ષ કબજો ભોગવટો માલીકી હકકે રીસ્પોડન્ટસ્‌નો હતો અને પિતાશ્રી મૈયત થતાં રીસ્પોડન્ટસ્‌ નાઓ મહેનત મજુરી કરીને કામકાજ કરી ઉત્પન્ન લેતાં હતાં તેઓના મૈયત બાદ રીસ્પોડન્ટસ્‌નો પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. એપેલન્ટ નાઓએ તલાટી કમ મંત્રીના મેળાપીપણામાં કોઇપણ જાતના આધાર પુરાવા વગર એકતરફી રીતે રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીનું નામ કમી કરતી નોંધ નં. ૩૯૪ પડાવેલ તે દાવો થયા પછી તેઓ અભ્યાસ કરતાં રીસ્પોડન્ટસ્‌ને માલુમ પડેલ છે. સદર જમીનમાં રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રી વર્ષોથી ખેતી કરતાં હતા. અને તેઓ મૈયત થયા બાદ તે જમીનમાં વાવેતર કરીને મહેનત મજુરી કરીને ઉત્પન્ન લેતાં આવેલ છે. નોંધ નં. ૩૯૪ કે જેમાં

એપેલન્ટોએ ગેરકાયદેસર રીતે દાખલ કરેલ અને કોઇપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય રીસ્પોડન્ટસ્‌ના પિતાશ્રીની જાણ બહાર દાખલ કરવામાં આવેલ છે. જેથી એપેલન્ટોએ ખોટી એન્ટ્ર પડાવેલ તેનો ગેરલાભ લઇ સ્થળ ઉપર વાદીનો કબજો ન હોવા છતાં રેકર્ડ ઉપર એપેલન્ટનું નામ ચાલતું હોવાથી ખોટીરજુઆત કરીને કામચલાઉ મનાઇ હુકમ મેળવેલ હતો પરંતુ સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો રીસ્પોડન્ટસ્‌નો હતો. વિગેરે હકીકતો જણાવી મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબે તેઓનો હુકમ રજુ કરેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાઓ તથા રજુ થયેલી રજુઆતોને ધ્યાને રાખી યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો કરેલો છે જે સંજોગોમાં મે. તિલકવાડાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટના હુકમમાં કોઇ હસ્તક્ષેપ કરવો વ્યાજબી અને ઉચિત જણાતું ના હોય એપેલન્ટસ્‌ની અપીલ ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૯) હવે વાદગ્રસ્ત ચુકાદો વંચાણે લઇ ધ્યાને લેવામાં આવે તો તેમાં મે. તિલકવાડાના સીવીલ કોર્ટે નોંધેલ છે કે, વાદીએ હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે ત્યારે પુરાવાના કાયદાનો સિધ્ધાંત છે કે, “કોઇપણ વ્યકિત ઇચ્છતી હોય કે પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોનો અસ્તિત્વના આધાર ઉપરથી કોઇ અદાલત કાનુની અધિકાર અંગે ચુકાદો આપે તો તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડશે “અનૈ“ જયારે કોઇ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેનાર કે તે વ્યકિત પર સાબિતિનો બોજો છે.” પુરાવાના આ સિધ્ધાંત મુજબ જયારે વાદી દાવો લઇને આવેલ છે ત્યારે દાવામાં જણાવેલ તમામ હકીકતો શ્રેષ્ઠતમ પુરાવા વડે સાબિત કરવાનો બોજો વાદીના શીરે રહે છે અને તે જોતાં વાદી જો પોતાનો કેસ શ્રેષ્ઠ અને યોગ્ય પુરાવા વડે સાબિત કરી શકે તો જ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બને છે.

આ કામે વાદીનાઓએ આંક.૧૬૯ થી પોતાની સોગંદ પરની સરતપાસમાં તેઓએ આંક.૧ માં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ હોય સદર હકીકતોનું વારંવાર પુનરાવર્તન ન થાય તે માટે તેમજ સદર પુનરાવર્તન ટાળવાના હેતુસર તે વિશે વધુમાં ચર્ચા કરેલ નથી.

પ્રતિવાદી દ્રારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે રામીબેન મારા બા થાય છે. એ વાત ખરી છે કે, સને ૧૯૭૩ ની સાલમાં મારી બા રામીબેને મિલકતમાંથી ભાગ મેળવવા પ્રતિવાદીઓના પિતા સામે દાવો કરેલો. એ વાત ખરી છે કે,

વીરપુર મુકામે સ.નં. ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૪૬ તથા ૭૧ ની જમીનોમાંથી ભાગ લેવા માટે મારી માતાએ દાવો કરેલો હતો. એ વાત કરી છે કે, મારા માતાશ્રીએ જે દાવો કરેલો તેમાં જમીનનો ભાગ તથા તેમના ભાગની જમીનમાં થયેલી ઉપજનો હિસ્સો તથા ભાગની જમીનનો કબજો મેળવવા માંગણી કરેલી. દાવાના કામે થયેલ પ્રાથમિક હુકમનામાની અમલવારી માટે ડભોઇ સીવીલ કોર્ટ તરફથી કલેકટરશ્રી વડોદરાને મોકલેલું કે કેમ તેની મને ખબર નથી. માર બા એ દાખલ કરેલા દાવાના કામે વડોદરાથી સર્વૈયર આવેલા અને સરપંચના ઘરે બેસી જમીનોની વહેંચણ કરેલી. આ વહેંચણી આશરે ૧૯૭૮ ની સાલમાં કરેલી એ વાત ખરી છે કે, આ વહેંચણ મુજબ સ.નં. ૨૨, ૨૫ તથા ૭૧ મારી બા ના હિસ્સે આવેલા અને સ.નં. ૨૦, ૨૧ અને ૪૬ મારા કાકાના ભાગે ગયેલી. એ વાત ખરી છે કે, કલેકટરશ્રીની કચેરી તરફથી આવેલ માણસે મારી માતાના ભાગે આવેલી જમીનની કબજા પાવતી બનાવી આ જમીનની સૌંપણી મારી માતાને કરેલી. સને ૧૯૭૮ ની સાલમાં કલેકટરશ્રી તરફથી જમીનની વહેંચણી થયા બાદ અમારા હિસ્સે સ.નં. ૨૨ તથા ૪૬ પૈકીનો કબજો હતો. એ વાત ખરત્ત છે કે, બાકીની જમીનનો કબજો મારા કાકા પાસે હતો, મેં હાલની દાવા અરજી લખાવતી વખતે સ.નં. ૨૦ તથા ૨૨ માંથી મારા કાકાએ હકક જતો કરેલ હોવા બાબતની હકીકતો લખાવેલી નહિ. એ વાત ખરી છે કે, મેં ફરીયાદ આપેલી તે ફરીયાદમાં દાવાવાળી જમીન વેચાણથી રાખેલી હોવાનું લખાવેલું. સને ૧૯૯૨ ની સાલમાં અમોએ દાવાવાળી જમીન વેચાણ રાખેલી તેના કુલ રૂા. ૭૬,૦૦૦/- આપેલા અમોએ આ બાબતનું કોઇ લખાણ મારા કાકા પાસે લખાવેલું નહિ. એ વાત ખરી છે કે,. અમોએ દાવાવાળી જમીન રૂા. ૭૬૦૦૦/- માં વેચાણ રાખેલ હોવા બાબતની કોઇ હકીકત દાવા અરજીમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, સ.નં. ૨૦ તથા ૨૧ વાળી જમીનો હાલ સળંગ આવેલી છે. એ વાત ખરી છે કે, સને ૧૯૭૩ ના દાવાના કામે જે હુકમનામું થયેલું તેને આજદિન સુધી ઉપલી કોર્ટમાં પડકારેલ નથી. એ વાત ખરી છે કે, કલેકટરશ્રીએ હુકમનામાને આધારે કરેલી વહેંચણીને અમોએ આજદિન સુધી ઉપલી કોર્ટમાં પડકારેલ નથી.

ઉપરોકત મુજબની વાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ હાલનો દાવો સ.નં. ૨૦ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હકક પત્રક નોંધ નં. ૩૯૪ ના આધાર ઉપર માલીકી અને કબજેદાર છે તેમ ઠરાવી લેવા દાવો કરેલ છે. ત્યારે ઉપરોકત પુરાવાને ધ્યાને લેવામાં આવે તો દાવાવાળી જમીન પ્રતિવાદીના હિસ્સામા ડભોઇ સીવીલ કોર્ટ ધ્વારા થયેલા હુકમનામાના આધારે આવેલ છે. નામદાર સીવીલ કોર્ટ ડભોઇ દ્વારા થયેલ હુકમનામાની નકલ આ કામે

આંક.૧૯૨ થી રજુ થયેલ છે જે ધ્યાને લીધી, આમ, દાવાવાળી મિલકત તથા અન્ય મિલકતોની વહેંચણી ૧૯૭૮ ની સાલમાં થઇ ગયેલ છે અને તે વહેંચણી મુજબ વાદીએ સ્વીકારેલ હકીકત મુજબ સ.નં. ૨૦ તેઓના કાકાના હિસ્સામાં ગયેલી છે. આમ, વડીલોપાર્જીત મિલકતની એકવાર સક્ષમ કોર્ટ દ્વારા વહેંચણી થયા બાદ તે મિલકતો જે તે વ્યકિતની સ્વતંત્ર મિલકત બને છે. હવે વાદીએ હાલનો દાવો નોંધ નં.૩૯૪ ના આધારે દાખલ કરેલ છે. ત્યારે સદર નોંધ નં. ૧૯૪ આંક.૧૫૪ થી રજુ થયેલ છે. જે ધ્યાને લેવામાં આવે તો સદર નોંધ તા. ૩૦-૬-૯૨ ના રોજ પડેલ છે. અને હકક ઉઠાવી લીધેલા બાબતની નોંધ છે. સદર નોંધ સામે પ્રતિવાદીઓએ રેવન્યુ રાહે તકરાર લેવામાં આવેલ છે. આ કામે આંક. ૧૮૪ થી કલેકટરશ્રી નર્મદાનો હુકમ રજુ થયેલ છે. જે હુકમ ધ્યાને લેવામાં આવે તો ફેરફાર નોંધ નં. ૩૯૪ રદ કરવા તથા કોર્ટ પાર્ટીશન આધારે થયેલ ફેરફાર નોંધ નં. ૩૫૯ મંજુર કરવાનો હુકમ કલેકટરશ્રી નર્મદા નાઓએ તા. ૧૮/૭/૨૦૦૫ ના રોજ કરેલ છે. વધુમાં પ્રતિવાદીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અગ્ર સચિવ અમદાવાદની કોર્ટમાં જે અપીલ કરેલ તેનો ચુકાદો આવી ગયેલ છે અને તે રદ થઇ ગયેલ છે. આ હુકમ વિરૂધ્ધ મે. હાઇકોર્ટમાં કોઇ અપીલ કરેલ નથીં આમ, વાદી જે નોંધના આધારે દાવાવાળી મિલકત સંબંધે માલિકી હકક અંગેનો દાવો કરેલ છે તે નોંધ સક્ષમ અધિકારી દ્વારા રદ થયેલ છે. દાવાના કામે નોંધ નં. ૩૫૯ ધ્યાને લેવામાં આવે તો આકામે આંક. ૧૯૬ થી રજુ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો હુકમના આધારે પડેલ નોંધ છે. અને દાવાવાળી મિલકત સ.નં. ૨૦ પ્રતિવાદી શંકરભાઇ છીતાભાઇના હિસ્સામાં વહેંચણી આવેલાનું જણાય છે. સદર નોંધ આંક.૧૮૪ વાળા કલેકટરશ્રી નર્મદા નાઓએ નોંધ નં.૩૫૯ મંજુર કરેલાનું જણાય છે. વાદી તરફે હકક જતો કર્યાં અંગેનો કોઇ લેખ આ કામે રજુ રાખેલ નથી. આમ, દાવાવાળી મિલકત સંબંધે વાદીએ પ્રતિવાદીના પિતાએ હકક જતો કરેલાની હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરી શકેલા નથી,.

વધુમાં આ કામે વાદીએ આંક.૨૩૫ થી સાહેદ રમણભાઇ રણછોડભાઇ બારીયાને તપાસેલા છે. તેઓએ તેમની ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, સ.નં. ૨૦ ની ઉત્તરે કઇ જમીન આવેલી છે તે હું જાણતો નથી તેમજ પુર્વે કઇ જમીન આવેલ છે તે મને ખબર નથી. તેમજ આ સવ, નંબરની પશ્ચિમે અને દક્ષિણે કઇ જમીન આવેલી છે તેની મને ખબર નથી. આમ, વાદીને દાવાવાળી જમીનની આજુબાજુ કઇ જમીન આવેલી છે તે બાબતે કોઇ જાણકારી નથી. વધુમાં જણાવે છે કે, દાવાવાળી જમીનથી મારી જમીન એક કિ.મ. દુર આવેલી રેંગણ ગામમાં આવેલી છે. વધુમાં વાદીએ આંક. ૨૩૯

થી તેમના સાહેદ અરખામભાઇ ચિમનભાઇ બારીયાની જુબાની રજુ રાખેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, મારે પોતાને કોઇ જમીન નથી કે દાવાવાળી જમીનની આજુબાજુ મારી કોઇ જમીન નથી. મારે દાવાવાળા ખેતરોની આસપાસ જવાનું બનતું નથી. હાલમાં આ ખેતરોની શું પરિસ્થિતિ છે તે હું કહી શકું નહિ. મારી સોગંદનામા ઉપરની જુબાની શનાભાઇએ વકીલ સાહેબ પાસે લખાવેલી. એ વાત ખરી છે કે, મેં તેમાં માત્ર સહી કરેલી અને સોગંદનામું કરેલું શનાભાઇએ શું લખાવેલ તે મને ખબર નહિ. વધુમાં વાદીએ આંક.૨૪૪ થી તેઓના સાહેદ ગોપાલભાઇ હિંમતભાઇ બારીયાની સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે. સર્વે નં.૨૦ વાળી જમીનની પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણે શું આવેલ છે તેની મને ખબર નથી. સ.નં. ૨૦ વાળી જમીન મેં જોયેલ નહીં હોવાથી તેની ચર્તુસીમા મને ખબર નથી. આમ, વાદી તરફે રજુ થયેલ સાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ દાવા હકીકતને સમર્થનકારક પુરાવો પુરો પાડેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યાં અનુસાર વાદી દાવાવાળી મિલકતના માલિક કે તેના કબજેદાર છે તે હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલા નથી ત્યારે મુદ્દા નં.૧,૨ તથા ૪ નો જવાબ નકારમાં આપું છું. જે નોંધેલ છે તે વ્યાજબી અમને ઉચિત રીતે જ નોંધવામાં આવેલ છૈ તેમાં કોઇ હસ્તક્ષેપ કરવો આ અદાલતને ઉચિત જણાતું નથી.

(૬) મુદ્દા નં.૩ ના કારણો :

આ કામે પ્રતિવાદી તરફે આંક.૨૬૨ થી પોતાની સોગંદ પરની સરતપાસમાં તેઓએ તેમના લેખીત જવાબનાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ હોય સદર હકીકતોનું વારંવાર પુનરાવર્તન ન થાય તે માટે તેમજ સદર પુનરાર્વન ટાળવાના હેતુસર તે વિશે વધુમાં ચર્ચા કરેલ નથી. આ કલામે વાદી તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેઓએ તેમની ઉલટતપાસ દરમ્યાન પણ લેખીત જવાબમાં જણાવેલ હકીકતોને વળગી રહેલા છે અને જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, છીતાભાઇના નામે કોયારી ગામે સ.નં. ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૪૬ તથા ૭૧ આવેલ શ્ચે. એ વાત કરી છે કે, જેઠાભાઇના અવસાન બાદ તેમના વારસદારોના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા. જેઠાભાઇના વારસદાર રામીબેને ડભોઇ કોર્ટમાં રે.મું નં. ૪૨૭/૭૩ થી વહેંચણી બાબતે દાવો દાખલ કરેલો. આમ વાદી તરફે પુછાયેલા સવાલનો જવાબ તેઓએ હકારમાં આપેલ છે. આમ દાવાવાળી મિલકતોની વહેંચણી વાદી જે નોંધ આધારે દાવો દાખલ કરેલો છે તે નોંધ અગાઉ સક્ષમ કોર્ટ દ્વારા થઇ ગયેલ છે. આમ દાવાવાળી મિલકત ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર પ્રતિવાદીના પિતાના હિસ્સામાં

આવેલ મિલકત છે અને તેની સ્થળ ઉપર વહેંચણી સને ૧૯૭૮ ની સાલમાં થઇ ગયેલ છે. આમ, વહેંચણ થયેલ મિલકતો પોતાના હિસ્સાની મિલકત સ્વતંત્ર મિલકત કહી શકાય. માત્ર રેવન્યુ રેકર્ડમાં નામ ચાલતું હોવાથી તે સંયુકત માલિકીની મિલકત ગણી શકાય નહિ. વધુમાં વાદી જે નોંધના આધારે હાલનો દાવો દાખલ કરેલો છે જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા રદબાતલ થયેલ છે અને વાદીએ દાવાવાળી મિલકતમાંથી પ્રતિવાદીના પિતાએ હકક જતો કર્યો હોય તેવું મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરી શકેલા નથી. આ કામે પ્રતિવાદી તરફે નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદા રજુ રાખેલ છે જે હાથ ઉપરના કેસની હકીકત સાથે સુસંગત રીતે માનસહ ધ્યાને લીધેલ છે. વાદીએ હાલનો દાવો રેવન્યુ રેકર્ડની નોંધ નં. ૩૯૪ ના આધાર ઉપર દાખલ કરેલો છે. આ કામે આંક. ૧૮૪ થી કલેકટરશ્રી નર્મદાનો હુકમ રજુ થયેલ છે. જે હુકમ ધ્યાને લેવામાં આવે તો ફેરફાર નોંધ નં. ૩૯૪ રદ કરવા તથા કોર્ટ પાર્ટીશન આધારે થયેલ ફેરફાર નોંધ નં. ૩૫૯ મંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હકીકત પ્રતિવાદીએ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલ છે ત્યારે આ મુદ્દાનો જવાબ હકારમાં આપુ છુ..

મુદ્દા નં.૫ ના કારણો : ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ ના ન્યાય નિર્ણય માટે કરવામાં આવેલ તમામ ચર્ચાના ધ્યાને લઇ આ દાવાનો તથા મુદ્દા નં.૫ માટે વાદીનો દાવો નાર્મંજુર કરતો હુકમ કરવામાં આવેલ છે. જે નોંધેલ છે તે વ્યાજબી અમને ઉચિત રીતે જ નોંધવામાં આવેલ છૈ તેમાં કોઇ હસ્તક્ષેપ કરવો આ અદાલતને ઉચિત જણાતું નથી.

(૧૦) ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતાં તથા રજુ થયેલ રજુઆતો ધ્યાને લેતાં આ કામના એપેલન્ટસે દાવો નોંધ નં. ૩૯૪ ના આઘારે કરેલ હોવાનું જણાઇ આવે છે. પરંતુ સદર નોંધ નં. ૩૯૪ અગાઉ સક્ષમ કોર્ટ દ્વારા થઇ ગયેલ છે. એપેલન્ટસે દાવો સ.નં. ૨૦ માટે કરેલ છે. પરંતુ સદર સર્વે નંબર અગાઉ એટલે સને ૧૯૭૮ માં વહેંચણ થઇ ગયેલાની હીકકત ખુદ એપેલન્ટે તેઓના સરતપાસના સોગંદનામામાં કબુલ કરેલ છે. વધુમાં મુળ દાવાના કામે એપેલન્ટ તરફે જે સાહેદોના સોગંદનામા રજુ થયેલ છે તેઓએ એપેલન્ટ ની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, એપેલન્ટ દાવાવાળી મિલકતના માલીક કે તેના કબજેદાર છે તે હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. દાવાના મુળ કામે આંક. ૧૮૪ થી કલેકટરશ્રી નર્મદાનો હુકમ રજુ થયેલ છે. જે હુકમ ધ્યાને લેવામાં આવે તો ફેરફાર નોંધ નં. ૩૯૪ રદ કરવા તથા કોર્ટ પાર્ટીશન આધારે થયેલ

ફેરફાર નોંધ નં. ૩૫૯ મંજુર કરવાનો હુકમ કલેકટરશ્રી નર્મદા નાઓએ તા. ૧૮/૭/૨૦૦૫ ના રોજ કરેલ છે. વધુમાં રીસ્પોડન્ટે ઉલટતપાસમાં જણાવેલ છે કે, અગ્ર સચિવ અમદાવાદની કોર્ટમાં જે અપીલ કરેલ તેનો ચુકાદો આવી ગયેલ છે અને તે રદ થઇ ગયેલ છે. આ હુકમ વિરૂધ્ધ મે. હાઇકોર્ટમાં કોઇ અપીલ કરેલ નથીં આમ, એપેલન્ટ જે નોંધના આધારે દાવાવાળી મિલકત સંબંધે માલિકી હકક અંગેનો દાવો કરેલ છે તે નોંધ સક્ષમ અધિકારી દ્રારા રદ થયેલ છે. દાવાના કામે નોંધ નં. ૩૫૯ ધ્યાને લેવામાં આવે તો આ કામે આંક. ૧૯૬ થી રજુ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો હુકમના આધારે પડેલ નોંધ છે. અને દાવાવાળી મિલકત સ.નં. ૨૦ રીસ્પોડન્ટ શંકરભાઇ છીતાભાઇના હિસ્સામાં વહેંચણી આવેલાનું જણાય છે. સદર નોંધ આંક.૧૮૪ વાળા કલેકટરશ્રી નર્મદા નાઓએ નોંધ નં.૩૫૯ મંજુર કરેલાનું જણાય છે. આમ દાવાવાળી મિલકત ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર રીસ્પોડન્ટના પિતાના હિસ્સામાં આવેલ મિલકત છે અને તેની સ્થળ ઉપર વહેંચણી સને ૧૯૭૮ ની સાલમાં થઇ ગયેલ છે. વધુમાં એપેલન્ટ જે નોંધના આધારે હાલનો દાવો દાખલ કરેલો છે જે નોંધ સક્ષમ અધિકારી દ્રારા રદબાતલ થયેલ છે અને એપેલન્ટે દાવાવાળી મિલકતમાંથી રીસ્પોડન્ટનાના પિતાએ હકક જતો કર્યો હોય તેવું મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરી શકેલા નથી. વધુમાં આંક. ૧૮૪ થી કલેકટરશ્રી નર્મદાનો હુકમ રજુ થયેલ છે. જે હુકમ ધ્યાને લેવામાં આવે તો ફેરફાર નોંધ નં. ૩૯૪ રદ કરવા તથા કોર્ટ પાર્ટીશન આધારે થયેલ ફેરફાર નોંધ નં. ૩૫૯ મંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હકીકત રીસ્પોડન્ટે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલ છે.

આમ, એપેલન્ટ એવું બતાવી શકેલા નથી કે, મે. તિલકવાડાના પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી નાઓએ પોતાના હુકમ શું ભુલ કરેલ છે તે સચોટ રીતે બતાવી શકેલા નથીં આ કામના એપેલન્ટ પોતાની અપીલમાં સફળ કઇ રીતે થાય છે તે બાબત પણ સચોટ રીતે બતાવી શકેલા નથી. તેવા સંજોગોમાં જયારે તિલકવાડાના પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીએ તેમના ચુકાદામાં બંને પક્ષકારોના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની વિગતવારની છણાવટ કરેલી છે જેમાં કોઇ ખામી રહી જવા પામી હોય તેવું આ એપેલન્ટ/મુળ વાદીઓ બતાવવામાં અસફળ રહેલા હોય, ત્યારે છણાવટ નહીં કરતાં તિલકવાડાના પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીના હુકમમાં કોઇ હસ્તક્ષેપ નહીં કરતાં તેઓનો હુકમ કાયમ રાખવો ઉચિત જણાતો હોય તે સંજોગોમાં હાલના એપેલન્ટની સી.પી.સી. કલમ-૯૬ તથા સી.પી.સી.ઓર્ડર-૪૧ હેઠળની અપીલ આથી નામંજુર કરતાં મુદૃા નં.૧ **નકારમાં** ઠરાવી મુદૃા નં.૨

માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) હાલની એપેલન્ટની સી.પી.સી. કલમ-૯૬ તથા સી.પી.સી. ઓર્ડર-૪૧ હેઠળની અરજી આથી નામંજુર કરવામાં આવે છે. તિલકવાડાનાના પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી કોર્ટના રે.મુ. નં. ૯૫/૨૦૧૬ ના કામે તા. ૨૯/૧૨/૨૦૧૮ ના રોજનું જજમેન્ટ/હુકમનામું આથી કાયમ રાખવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મે. તિલકવાડાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબના કોર્ટનું રે.મું.નં. ૯૫/૨૦૧૬ નું અસલ રેકર્ડ પરત મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૬ મી ફેબ્રુઆરી, સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૬-૦૨-૨૦૨૦
રાજપીપલા

(એસ. પી. તામંગ)
એડીશ્નલ સેશન્સ જજ નર્મદા,
મુ. રાજપીપલા
જજ કોડ નં. જીજે. ૦૦૩૭૬